નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી દક્ષિણ ડાંગ વન વિભાગ આહવા
મુ.આહવા તા.આહવા જિ.ડાંગ.

Azadi Ka Amrit Mahotsav

E-mail:-dcfdangsouth16@gmail.com Telephone no:- (02631) 220246

ક્રમાંક:-અ/સર્વે/૧૩/ 1419-20 સને ૨૦૨૧-૨૨
આહવા તા. 17 /૧૧/૨૦૨૧

**પ્રતિ,**
મુખ્ય વન સંરક્ષકશ્રી,
વલસાડ વન વર્તુળ,
વલસાડ

**વિષય:-** Erection of 66 KV D/C Tower line from exist 66KV Subir substation to proposed 66KV Morzira substation.1.3766 Hectare area **(Both Division Total Ha.14.7031)**
**Online Proposal No. FP/GJ/TRANS/29063/2017**

**સંદર્ભ:-** કાર્યપાલક ઈજનેરશ્રી, જેટકો(કન્સ્ટ્રકશન) વિભાગ,નવસારીના પત્રાંક:
GETCO/CDNS/TECH/FCA/66KV Line/4579 Dt.21.09.2021

સાદર સહ ઉપરોક્ત વિષયે અને સંદર્ભ અન્વયે નિવેદન કે,અત્રેના દક્ષિણ ડાંગ વન વિભાગ હેઠળના મોજે:મોગરા અને મોરઝીરા તાં.આહવા જી.ડાંગની ૧.૩૭૬૬ હેકટર પ્રોટેકટેડ/રીઝર્વ ફોરેસ્ટ વિસ્તાર જમીન ૬૬ કે.વી. ટ્રાન્સમીશન લાઇનના કામે ઉપયોગમાં લેવા માટે કાર્યપાલક ઈજનેરશ્રી,(બાંધકામ) વિભાગ જેટકો નવસારી દ્વારા ભારતીય વન સંરક્ષણ ધારા-૧૯૮૦ હેઠળની દરખાસ્ત અત્રેના દક્ષિણ ડાંગ વન વિભાગને મોકલવામાં આવેલ છે.

૨/-યુઝર એજન્સી દ્વારા ઉપયોગમાં લેનાર આ વિભાગની મોજે:મોરઝીરા અને મોગરા ગામની પ્રોટેકટેડ ફોરેસ્ટ જમીન ભારતના જંગલો બાબતના અધિમિયમ ૧૯૨૭ની ક્લમ-૨૯ હેઠળ ગુજરાત સરકારશ્રીના ખેતી અને મહેસુલ વિભાગ સચિવાલય,અમદાવાદના જાહેરનામાં ક્રમાંક:એમ-એસ-સી-૪૦૬૦-એ તા.૦૩-૦૧-૧૯૬૩થી રક્ષિત જંગલ તરીકે તથા મોગરા ગામની રીઝર્વ ફોરેસ્ટ જમીન ખેતી વન અને સહકાર વિભાગ ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક:એકેએચ.૨૭૩/એફએલડી. ૧૬૭૧/૯૮૭૨૧-પી તા.૦૯-૧૨-૧૯૭૧ થી કલમ-૨૦ હેઠળ અનામત જંગલ તરીકે જાહેર થયેલ છે.

| અ.નં | ગામ | જંગલ સર્વે નંબર | માંગણી હેઠળનો કુલ વિસ્તાર | માંગણી હેઠળના વિસ્તારમાં કાપવાના થતા ઝાડોની સંખ્યા | કાપવાના થતા ઝાડોનો ઉત્પાદન થનાર માલનો અંદાજિત ઘ.મી. |
|---|---|---|---|---|---|
| ૧ | મોગરા | ૮૮,૮૨,૭૬,૧૧૬,૩૩ | ૧.૨૯૩૮ | ૯૧ | ૪૨.૬૦૧ |
| ૨ | મોરઝીરા | ૧૮ | ૦.૦૮૨૮ | | |
| | **કુલ::-** | | **૧.૩૭૬૬** | **૯૧** | **૪૨.૬૦૧** |

3/-યુઝર એજન્સી દ્વારા ઉપયોગમાં લેવાનાર આ વન વિભાગની મોજે:મોગરા અને મોરઝીરા તા.આહવા જી.ડાંગની ૧.૩૭૬૬ હેકટર વિસ્તાર પ્રોટેકટેડ/રીઝર્વ ફોરેસ્ટ જમીનના બદલામાં વળતર વનીકરણની કામગીરી ડાંગ ઉત્તર વન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવનાર છે. જેની વળતર વનીકરણની સ્કીમ તથા જરુરી નકશાઓ નાયબ વન સંરક્ષકશ્રી ડાંગ ઉત્તર વન વિભાગ તરફથી તૈયાર કરવામાં આવેલ છે.યુઝર એજન્સી દ્વારા ઉપરોક્ત દરખાસ્ત સાથે વન સંરક્ષણ ધારા-૧૯૮૦ ની ગાઈડ લાઇન મુજબના જરુરી બાહેધરી પત્રકો કોસ્ટ બેનીફિટ એનાલિસિસના પત્રકો તેમજ અત્રેથી સાઈટ વિઝિટ કરી

સાઈટ ઇંસ્પેક્શન રીપોર્ટ તૈયાર કરી આ સાથે સામેલ કરવામાં આવેલ છે.યુઝર એજન્સી દ્વારા વન સંરક્ષણ ધારા-૧૯૮૦ નો ભંગ કરવામાં આવેલ નથી. માંગણીવાળા વિસ્તારમાં કુલ ૯૧ ઝાડો કાપવાના થાય છે.

૪/-યુઝર એજન્સી તરફથી વન સંરક્ષણ ધારા-૧૯૮૦ અંતર્ગત મળેલ દરખાસ્ત આ સાથે ૫(પાંચ) નકલમાં સામેલ રાખી જરુરી કાર્યવાહી અર્થે સાદર કરવામાં આવે છે. જે. મે.સાહેબશ્રીને વિદિત થાય.

**બિડાણ:**-ઉપર મુજબ

નાયબ વન સંરક્ષક
દક્ષિણ ડાંગ વન વિભાગ આહવા

**નક્લ સવિનય રવાના:**- કાર્યપાલક ઈજનેરશ્રી,(બાંધકામ) વિભાગ જેટકો નવસારી તરફ સંદર્ભ વાળા પત્ર અન્વયે જાણ સારુ.